# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે કૃષિ શિક્ષણ દિવસ ઉજવાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે ૩ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ કૃષિ શિક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવી. સદર કાર્યક્રમમાં દેવાતજ પ્રાથમીક શાળાના ધોરણ ૬ થી ૮ ના કૂલ ૬૫ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી, ડો. એ. સી. વૈદ્યએ કાર્યક્રમમાં આમંત્રિત સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ કૃષિને લગતા અભ્યાસ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત કોરોના મહામારીને અટકાવવા તેમજ તેનાથી બચાવ માટેના સાવચેતીના પગલાઓ વિષે વિદ્યાર્થીઓને સમજણ આપી હતી.

ત્યારબાદ શ્રી જે. એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક (મત્સ્ય વિજ્ઞાન) દ્વારા વિદ્યાર્થીઓને કૃષિ વિષેનું પ્રાથમિક જ્ઞાન આપવામાં આવ્યું હતું. જેમાં જમીનની તૈયારી, પાક ઉત્પાદનની મૂળભૂત પધ્ધતિઓ, ખેત ઓજારો, વિવિધ ખાતરોની સમજ, પાકમાં પોષણની જરૂરિયાત, વિવિધ પિયત પધ્ધતિઓ અને વિવિધ પાકો વિષે માહિતી આપવામાં આવેલ. કાર્યક્રમને અંતે ડો. એસ. બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) દ્વારા કાર્યક્રમમાં હાજરી આપવા બદલ સર્વેનો આભાર વ્યક્ત કરેલ. આ કાર્યક્રમનું સફળ સંચાલન શ્રીમતી એ.એન. જાદવ, પ્રોગ્રામ આસીસ્ટન્ટ (ગૃહ વિજ્ઞાન) દ્વારા કરવામાં આવેલ.




